# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS)અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બનાસકાંઠા દ્વારા કાર્યરત બનાસકાંઠા જીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૦/૨૧

આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બનાસકાંઠા હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

**(અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડીકાર્યકરની સંભવિત/ખાલી જગ્યા | આંગણવાડીતેડાગરની સંભવિત/ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૪ | ૨૭ | ૧૭૫ | ૩૪૬ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રીદ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે. (માર્ગદર્શિકા મુજબ)
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અનેઅન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલાહોવા જોઈએ.(માર્ગદર્શિકા મુજબ)
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩વર્ષ થી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાંફોર્મભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી<u>તા:૨૪/૦૮/૨૦૨૦ થી ૧૩/૦૯/૨૦૨૦ (રાત્રે૧૨:૦૦ કલાક)</u>સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે.ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદીનિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે દરેક તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS),તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી
બનાસકાંઠા, પાલનપુર

Scanned with CamScanner